Please check the examination details below before entering your candidate information

| Candidate surname | Other names |
|---|---|
| | |

Centre Number

Candidate Number

# Pearson Edexcel Level 1/Level 2 GCSE (9–1)

**Time** 1 hour 5 minutes

**Paper reference** **1GU0/3H**

# Gujarati

## PAPER 3: Reading and understanding in Gujarati

**Higher tier**

**You do not need any other materials.**

Total Marks

## Instructions

- Use **black** ink or ball-point pen.
- **Fill in the boxes** at the top of this page with your name, centre number and candidate number.
- Answer **all** questions in sections A, B and C.
- Questions in Section A and C are set in English.
- Questions in Section B are set in Gujarati.
- Answer the questions in the spaces provided – *there may be more space than you need.*
- You must **not** use a dictionary.

## Information

- The total mark for this paper is 50.
- The marks for **each** question are shown in brackets
  – *use this as a guide as to how much time to spend on each question.*
  – *you should spend approximately 15 minutes on the translation question.*

## Advice

- Read each question carefully before you start to answer it.
- Try to answer every question.
- Check your answers if you have time at the end.

*Turn over* ▶


©2022 Pearson Education Ltd.


Pearson

## SECTION A

**Answer ALL questions. Write your answers in the spaces provided.**

**Some questions must be answered with a cross in a box ☒. If you change your mind about an answer, put a line through the box ☒ and then mark your new answer with a cross ☒.**

### Junagadh

**1** Read the article about things to do in *Junagadh*.

*જૂનાગઢ*, પ્રાચીન સ્મારકો અને ધાર્મિક સ્થળો તેમજ પર્વતારોહણ જેવી સાહસિક પ્રવૃત્તિઓ માટે જાણીતું સ્થળ છે. ભાંગ્યોતૂટ્યો હોવા છતાં પણ ઐતિહાસિક સ્થળોમાં સૌથી વધારે પ્રખ્યાત *ઉપરકોટ કિલ્લો* છે. અહીંનો *દામોદર કુંડ**, *નવઘણ કૂવો*** અને એક પહાડમાંથી બનાવેલી અડીકડી વાવ*** ખરેખર અદ્દભુત છે. *સક્કરબાગ* પ્રાણીઘરમાં સિંહ જોવાનો અનુભવ દિલને ધડકાવનારો છે.

પર્વતોની ઊંડાણમાં આવેલ *બૌદ્ધ* ગુફાના કોતરણી કરેલાં અનોખા પ્રવેશદ્વાર અહીંની કલાનો ખજાનો છે. *જામા* મસ્જિદ અને પહાડની ટોચે આવેલાં જુદાં જુદાં ધર્મના સુંદર મંદિરો જોવાનું ચૂકવા જેવું નથી.

પર્યટકોને *ગિરનાર*નું જંગલ સૌથી વધારે આકર્ષિત કરે છે. અહીં ગાડી અને વિમાનથી પણ આવી શકાય.

*કુંડ = **reservoir.** **કૂવો = **well.**

***વાવ = **step-well.**

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) What is the significance of ruins of the *Uparkot* Fort?

**(1)**

..............................................................................................................................................

(b) Why does *Junagadh* attract people from different backgrounds?

**(1)**

..............................................................................................................................................

(c) What draws tourists towards *Girnar*?

**(1)**

..............................................................................................................................................

**(Total for Question 1 = 3 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA

## My school memories

**2** Read the extract below from a literary text, about Kartik, who is talking about his school. In this extract he is writing about his school memories.

> *શારદામંદિર* નિશાળમાં ગણિત, વિજ્ઞાન, કંપ્યૂટર તથા બીજા વિષયો ઉપરાંત માતૃભાષા ગુજરાતીની મને ખૂબ સરસ તાલીમ મળી હતી. મને ગર્વ છે કે મારા દવાખાનામાં અંગ્રેજી તેમજ ફ્રેન્ચની સાથે મારી ભાષાનો પણ હું ઉપયોગ કરી શકું છું.
>
> શાળામાં સામસામે ચર્ચાની હરીફાઈમાં ક્યારેક હાર-જીત થતી. આ કારણે મારો આત્મવિશ્વાસ વધવાથી આગળ જતા જીવનના મુશ્કેલ નિર્ણયો લઈ શક્યો. જ્યારે નાટકોમાં ભાગ લેતો ત્યારે મંચ પર આવવાથી ખૂબ ગભરાતો હતો પણ આજે હું વગર ડરે ભાષણો આપી શકું છું. દરેક પ્રવૃત્તિઓની કેળવણી અને ભણતર માટે શિક્ષકો હંમેશા મને પ્રોત્સાહિત કરતા હતા.
>
> મારા વ્યક્તિત્વના વિકાસમાં અને કારકિર્દીની સફળતામાં મારા શિક્ષકોનો મોટો હાથ રહ્યો છે.

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) What is Kartik's occupation?

**(1)**

..............................................................................................................................................

(b) How has Kartik maintained his linguistic identity?

**(1)**

..............................................................................................................................................

(c) How did debate competitions benefit him later in life?

**(1)**

..............................................................................................................................................

(d) How did Kartik overcome his stage fear?

**(1)**

..............................................................................................................................................

**(Total for Question 2 = 4 marks)**

## Good friends

**3** Read about the conversation between students on an internet chat forum.

| | |
|---|---|
| ગૌરવ | મિત્રતામાં પ્રેમ અને લાગણીના સંબંધો હોવા જરૂરી છે. મારો મિત્ર યુવી નિષ્કપટ છે, તે એની દરેક વાત મને કહે છે. તે મારી સફળતાની ઈર્ષા કરતો નથી. તેની આ ખાસિયત મને બહુ ગમે છે એટલે તે મારા દિલની ખૂબ નજીક છે. |
| માહી | એવું જરૂરી નથી કે માનવી જ આપણા દોસ્ત હોય. ઘણાં લોકો સસલાં, કૂતરા કે બિલાડી રાખે છે કેમ કે આવા પાળેલાં પ્રાણીઓ જીવનભર વફાદાર રહે છે. |
| ઈશા | મારા માટે મિત્રતા એટલે જીવનભરનો સાથ. હું મારી બહેનપણી ભક્તિને નિસ્વાર્થભાવે મદદ કરું. અમે એકબીજાની ભૂલો તો બતાવીએ પણ કદી ગુસ્સે નથી થતાં તેથી અમારી દોસ્તી અતૂટ રહી છે. બાળમંદિરથી સાથે કરેલા પ્રવાસો એટલે યાદોનો ખજાનો. |

Answer the following questions **in English**. You do not need to write in full sentences.

(a) Why does Gaurav feel very close to Yuvi?

**(1)**

..............................................................................................................................................

(b) Why do some people consider pets as their best friends?

**(1)**

..............................................................................................................................................

(c) Why is Esha and Bhakti's friendship everlasting?

**(1)**

..............................................................................................................................................

(d) What sentiments make Gaurav and Yuvi's friendship strong? Give **one** detail.

**(1)**

..............................................................................................................................................

(e) How long has Esha been friends with Bhakti?

**(1)**

..............................................................................................................................................

**(Total for Question 3 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA



P 7 1 0 3 4 A 0 4 2 0

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**BLANK PAGE**

**QUESTION 4 BEGINS ON THE NEXT PAGE**

**Holiday in a village**

**4** Read the extract from a literary text about a holiday experience. Baadal is talking about his holiday experience in a village of *Gujarat*.

હું દાદા-દાદીને મળવા ગામડે ગયો હતો. સવારે જાગ્યો ત્યારે ગામવાસીઓએ અડધા દિવસનું કામ પતાવી દીધું હતું. અહીં વીજળી કે પાણીના નળ ન હતા એટલે હું નદીએ નાહવા ગયો. ત્યાં સ્ત્રીઓ કપડાં રંગીને તેને સૂકવવાનું કામ કરતી હતી. બાળકો મસ્તીપૂર્વક દોડાદોડી કરતાં હતાં અને દૂર રમકડાંવાળો નગારું વગાડી તેઓનું ધ્યાન દોરતો હતો. મેં મોજથી નદીમાં હોડીની સહેલ પણ કરી. કેટલું અદ્ભુત સૌંદર્ય હતું!

મને ગામનાં તાજગીભર્યાં શાંત વાતાવરણમાં ફરવાની મજા પડતી. એક સાંજે ખેતરની ચીકણી માટીમાં મારો પગ લપસ્યો અને હું સીધો સૂકા ઘાસના ઢગલામાં પડ્યો. મુશ્કેલીથી ઊભો થયો ત્યાં સામે લોકોનું ટોળું જોઈને હું શરમાઈ ગયો.

રાત્રે ઓટલા ઉપર મીઠી નીંદર તો આવી ગઈ પણ પરોઢિયે લોકોની અવરજવરનો ઘોંઘાટ સંભળાતો. બપોરે બાજરીના રોટલા અને ખીચડીના સ્વાદે તો મારા મનપસંદ પીઝાને ભુલાવી દીધા.

શહેરમાં ઘણી આધુનિક સુવિધાઓ છે પણ ઝાડની ડાળીઓ પર ઝૂલવાની મજા ક્યાં છે?

Put a cross ☒ in the correct box.

**Example:** Baadal's grandparents lived in a …

| | | |
|---|---|---|
| ☒ | **A** | village. |
| ☐ | **B** | town. |
| ☐ | **C** | city. |
| ☐ | **D** | farm. |

(i) People in the village …

**(1)**

| | | |
|---|---|---|
| ☐ | **A** | started work late. |
| ☐ | **B** | woke up late. |
| ☐ | **C** | started work early. |
| ☐ | **D** | socialised all day. |

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(ii) Baadal went to the river because there was lack of … facilities.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** running |
| ☒ | **B** shower |
| ☒ | **C** cycling |
| ☒ | **D** playing |

(iii) His embarrassing moment was him falling …

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** off a tree. |
| ☒ | **B** in a canal. |
| ☒ | **C** off a horse. |
| ☒ | **D** on a pile of grass. |

(iv) His sleep was disturbed because of …

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** busy traffic. |
| ☒ | **B** hard platform. |
| ☒ | **C** morning tea. |
| ☒ | **D** smell of food. |

(v) After returning home, what he missed the most was …

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** having fun with grandparents. |
| ☒ | **B** playing computer games. |
| ☒ | **C** going to a restaurant. |
| ☒ | **D** swinging from a tree. |

**(Total for Question 4 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

**Exchange programme**

5 Read this article from a magazine, where students talk about school exchange programmes.

જેસલનું કહેવું છે કે શાળાની અદલાબદલીની યોજનામાં જઈએ ત્યારે આપણને નવી નિશાળ, નવા દોસ્તો અને અજાણ્યાં લોકોની સાથે રહેવું એ એક કસોટી જેવું લાગે છે. ધીરે ધીરે આપણે બધાની સાથે ભળતા શીખી, આવેલ બદલાવથી ટેવાઈ જઈએ છીએ. પછીથી નવી જગ્યાએ જ્યારે ઉજાણીમાં અને પ્રવાસમાં જવાનો મોકો મળે ત્યારે આનંદ આવે છે.

સોરબને લાગે છે કે આવા કાર્યક્રમમાં વિદેશ જવાનો ઉલ્લાસ હોવાની સાથે પોતાની જવાબદારી લેવા વિશે પણ આપણે ચિંતિત રહીએ છીએ. પરદેશમાં એકલાં રહેવાથી આપણો આત્મવિશ્વાસ વધે છે. આગળ વધવા માટે સોનેરી તકો પણ મળે છે.

ગીરાનું માનવું છે કે આવી યોજનામાં બીજા પરિવારો સાથે રહીએ ત્યારે જુદી જુદી ભાષાઓ શીખવા સાથે તેઓની સંસ્કૃતિ અને રીતરિવાજો વિશે પણ ઘણું જાણવાનું મળે છે. એકબીજા પ્રત્યે માન જાળવવાથી તેઓની સાથે આપણો સંબંધ મજબૂત થાય છે. ધીરે ધીરે ત્યાંની દરેક વસ્તુઓ સાથે લાગણીથી બંધાઈ જવાય છે.

સલમા માને છે કે બીજા દેશોની શાળાના શિક્ષકો પાસેથી નવું શીખવાનો લાભ મળે છે. અહીં બધાં કામ વ્યવસ્થિત રીતે, પોતાની જાતે કરીને આપણે દરેક બાબતની કદર કરતાં શીખી જઈએ છીએ.

Who says what? Choose the correct answer from **Jesal, Sorab, Gira, or Salma.**

(a) .................................................... says on exchange programmes we learn to adapt life.

**(1)**

(b) .................................................... believes that we become independent.

**(1)**

(c) .................................................... feels that going abroad gives opportunities for the future.

**(1)**

(d) .................................................... believes that we learn a lot about different ways of life.

**(1)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA



P71034A0820

Answer the following questions **in English**.

(e) According to Gira, what makes relationships strong?

**(1)**

.......................................................................................................................................................

(f) According to Jesal, when do we get accustomed to changes?

**(1)**

.......................................................................................................................................................

**(Total for Question 5 = 6 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## Work on a cruise ship

**6** Read the article about Rani's job on a cruise ship.

રજાઓમાં આઠ વર્ષથી નીચેનાં બાળકોનું મંડળ ચલાવવા માટે એક ક્રુઝમાં મને તક મળી.

બહારથી વહાણનો દેખાવ સમુદ્રમાં તરતા એક મહેલ જેવો રમણીય હતો. અંદરની ભવ્ય સજાવટ, રેશમના પડદાં, રંગબેરંગી ફૂલો, સુંદર સફેદ મૂર્તિઓ અને ભીંત પર ટિંગાડેલાં ભારતના રાજા-મહારાજાના ચિત્રો જાણે પાંચ તારક હોટેલ જોઈ લો.

રહેવા માટે સુંદર ઓરડો, ખાવા-પીવાની અને બીજી દરેક સગવડ વાપરવાની મને છૂટ હતી, પણ વેતન વગર.

સવારે છોકરાંઓ હસતાં રમતાં આવે પછી મનપસંદ વાર્તાઓ વાંચીએ, સંગીત સાંભળીએ, ચિત્રકામ કરીએ અને દૂરદર્શન પર કાર્યક્રમો જોઈએ. તેઓ કાગળમાંથી હોડીઓ તેમજ રંગીન કાપડમાંથી ફૂલો બનાવતાં ત્યારે હું પણ ઉલ્લાસિત થઈ જતી.

એક દિવસ તરવાની હરીફાઈ પછી બાળકોએ સૂર્યસ્નાન કર્યું. હું તેઓની યોગ્યતા પ્રમાણે બરફ પર સરકવાની રમત, વ્યાયામ અને બાસ્કેટબોલની રમતો રમાડતી. સાત વાગ્યા પછી હું વહાણમાં વિશ્વભરના લોકોને મળતી અને તેઓ સાથે જમવાનો આનંદ લેતી.

એક સાંજના કાર્યક્રમ માટે મેં બધાને ઉતરાણ વિશે બોલવા માટે તૈયાર કર્યાં હતાં. તેઓએ ખૂબ આત્મવિશ્વાસથી તેની રજૂઆત કરી. તાળીઓનો તો શું અવાજ થયો! મંડળના પોતાના અનુભવ વિશે એક બાળાનો સુંદર લેખ સાંભળીને મારી આંખ ખુશીથી ભરાઈ આવી.

આવા સરસ આયોજનની બક્ષિસરૂપે દર રજાઓમાં મને પગાર સાથે કામ મળ્યું. મહેનતનું ફળ મીઠું હોય છે!

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(i) What does the article tell us?

**(3)**

Put a cross ☒ next to the **three** correct sentences.

| | |
|---|---|
| **Example:** | The job offer was to run a children's club on a cruise. |
| ☒ | **A** Guests on the cruise enjoyed the cultural programme. |
| ☒ | **B** Rani organised a singing competition. |
| ☒ | **C** Rani had time to socialise in the evening. |
| ☒ | **D** Children of all ages could attend the club. |
| ☒ | **E** Her favourite class was crafts work. |
| ☒ | **F** Rani was paid to work on the cruise. |
| ☒ | **G** The interior of the cruise ship was like a magnificent palace. |

Answer the following questions **in English**.

(ii) What was the most sentimental moment for Rani?

**(1)**

..................................................................................................................................................

(iii) How was Rani rewarded for her performance?

**(1)**

..................................................................................................................................................

**(Total for Question 6 = 5 marks)**

**TOTAL FOR SECTION A = 28 MARKS**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## SECTION B

### દુકાનમાં કામ

**7** સીતાનાં કામ વિશેનો બ્લોગ વાંચો.

રજામાં હું એક દાગીનાની દુકાનમાં કામ કરવા માંગતી હતી, પરંતુ હવે જાત જાતનો માલ વેચવાની મોટી દુકાનમાં કામ કરું છું. મારા માટે આ સકારાત્મક અનુભવ છે. ભવિષ્યમાં મારે ઘરેણાં ડિઝાઇન કરીને નાની દુકાન ખોલવી છે.

મારી સાથે કામ કરતા મારા સાથીઓ ખૂબ દયાવાન છે પરંતુ, મારા મેનેજર હંમેશાં ખીજાયેલા રહે છે એટલે હું સાવચેતીપૂર્વક કામ કરું છું.

ઘણીવાર મારે રાચરચીલાંના વિભાગમાં કામ કરવું પડે, જે મને કંટાળાજનક લાગે છે પણ બાળકોનાં કપડાંનો વિભાગ મને મજાનો લાગે છે. હું મારાં કામમાં ઘરાકોને સેવા આપી ગર્વ અનુભવું છું. દુકાનમાં કામ કરવાથી હું સ્વાવલંબી બની છું.

સાચાં ખાનામાં ☒ કરો.

**ઉદાહરણ:** સીતા ... કામ કરે છે.

| | |
|---|---|
| ☐ | **A** દરરોજ |
| ☒ | **B** રજામાં |
| ☐ | **C** સાંજે |
| ☐ | **D** સવારે |

(i) દુકાનમાં કામ કરવું એ સીતા માટે ... અનુભવ રહ્યો છે.

**(1)**

| | |
|---|---|
| ☐ | **A** નકારાત્મક |
| ☐ | **B** ઉત્તેજક |
| ☐ | **C** હકારાત્મક |
| ☐ | **D** પીડાદાયક |

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(ii) સીતા ... ની દુકાનમાં કામ કરવા ઇચ્છતી હતી.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** ઝવેરી |
| ☒ | **B** સાડીઓ |
| ☒ | **C** કરિયાણા |
| ☒ | **D** ઘડિયાળી |

(iii) ભવિષ્યમાં સીતાને ... શરૂ કરવાની ઇચ્છા છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** વિદેશમાં કામ |
| ☒ | **B** મોટું કારખાનું |
| ☒ | **C** પોતાનો ધંધો |
| ☒ | **D** ભાગીદારીમાં કામ |

(iv) સીતાને બીજા સહકાર્યકરો ... લાગે છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** રસપ્રદ |
| ☒ | **B** મિજાજી |
| ☒ | **C** કંટાળાજનક |
| ☒ | **D** માયાળુ |

(v) સીતાને ... માં કામ કરવામાં ઓછી મજા આવે છે.

**(1)**

| | |
|---|---|
| ☒ | **A** મોટી કચેરી |
| ☒ | **B** ઘરવખરીના વિભાગ |
| ☒ | **C** રમકડાંના વિભાગ |
| ☒ | **D** મોટી દુકાન |

**(Total for Question 7 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## દેશ-વિદેશમાં નવરાત્રી

**8** ભારત અને વિદેશમાં નવરાત્રી અને ગુજરાતી સંગીત વિશે માહિતી વાંચો.

| | |
|---|---|
| *વડોદરા* | વિશ્વભરના લોકો અહીંની નવરાત્રીની મજા લેવા આવે છે. મોડી રાત સુધી ગુજરાતી ગરબાના* ગીતો અને લોક સંગીતના સૂરો સાથે રમનારાઓ રંગબેરંગી કુરતા અને ચણિયા-ચોળીમાં ખુશી મનાવે છે. |
| *મુંબઈ* | ગીત, સંગીત અને વસ્ત્રોમાં *બોલીવુડની* શૈલી વધારે જોવા મળે છે. ખુલ્લી જગ્યામાં પોતાના જૂથમાં યુવક-યુવતીઓ અનેરી અદાથી ગુજરાતી ગરબા અને દાંડિયા રમીને ઉલ્લાસ દેખાડે છે. |
| *લંડન* | ગુજરાતી સમાજ પોતાના રાસ**-ગરબાનું આયોજન કરી, વિવિધ સ્પર્ધાઓ રાખીને નાના બાળકો અને યુવાપેઢીને આકર્ષે છે. ગાયકીમાં પશ્ચિમની શૈલી વર્તાય છે પણ યુવા સંગીતમંડળી ઢોલ અને વાંસળીના સૂરથી નવરાત્રીમાં રંગ લાવે છે. |
| *ન્યુ જર્સી* | મોટા ભાગે સંગીતકારો અને ગવૈયા ભારતથી આવે છે. કામના બંધનના કારણે ગરબા શનિ-રવિ રમાય છે. દરેક ઉંમરના અને સમાજના લોકો હળીમળીને આ ઉત્સવ આનંદપૂર્વક ઊજવે છે. |

*ગરબા = **folk dance.** **રાસ = **stick dance.**

તમે નવરાત્રીમાં ક્યાં જવાનું પસંદ કરશો? ***વડોદરા, મુંબઈ, લંડન* અથવા *ન્યુ જર્સી*.** તમે એકથી વધારે વાર શબ્દોનો ઉપયોગ કરી શકશો.

**ઉદાહરણ**: રાતે મોડે સુધી ગરબા રમવા માટે ........*વડોદરા*........ જવું.

(a) આરતીની શણગારેલી થાળી માટે ઇનામ મેળવવું હોય તો

........................................ જવાય.

**(1)**

(b) પરંપરાગત વસ્ત્રો પહેરીને ગરબાની મોજ લેવા માટે ........................................ પસંદ કરવું.

**(1)**

(c) ફિલ્મી ગીતો પસંદ કરનારાઓ માટે ........................................ પ્રખ્યાત છે.

**(1)**

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA



P 7 1 0 3 4 A 0 1 4 2 0

(d) કોઈ પણ જાતના ભેદભાવ વગર નવરાત્રી માણવા માટે ..............................................................................................
સારું છે.

**(1)**

(e) યુવાન ગાયકોને સાંભળવાનો આનંદ લેવો હોય તો .............................................................................................. જવું.

**(1)**

**(Total for Question 8 = 5 marks)**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA

## Dance training

**9** Read this web page about Kavya's professional dance training.

આંતરરાષ્ટ્રીય નૃત્યની સ્પર્ધામાં હું પ્રથમ ઇનામ જીતી, જે હતું મુંબઈના *બોલીવુડ*ના રાજ સ્ટ્યૂડિઓમાં નૃત્યની તાલીમ માટેનું. *બોલીવુડ*ની દુનિયામાં પગ મૂકીને હવે મારી કળાને પૂરી રીતે વિકસવાની તક મળશે એના આનંદ સાથે હું ત્યાં પહોંચી.

સ્ટ્યૂડિઓના એક આલીશાન ઓરડામાં હું પ્રવેશી. બત્તીઓથી પ્રકાશિત ખંડનું આકર્ષક વાતાવરણ, નૃત્ય કરતી નારીની મૂર્તિ અને ફૂલોના ગુચ્છાઓથી સજાવેલા મંચ પર કેટલીય જાતના સંગીતના વાજિંત્રો ગોઠવેલાં હતા. આ બધું મને એક સપના જેવું લાગ્યું.

થોડીવારમાં બીજા નૃત્યકારો સાથે મારી તાલીમ શરૂ થઈ. મારાં નૃત્યના શિક્ષક પરંપરાગત વસ્ત્રોમાં શોભતા હતા પરંતુ સ્વભાવના તેઓ ખૂબ કડક હતા. તેમની સાથે આખો દિવસ એકધારો નૃત્યનો અભ્યાસ કરીને હું અત્યંત થાકી ગઈ હતી. તેના લીધે મારું આખું શરીર દુખવા લાગ્યું, એટલે મને ત્યાંથી ચાલ્યાં જવાનું મન થયું પણ મારી સફળતા વિશે સકારાત્મક વિચારો આવવાથી મારા પગ થંભી ગયા.

મારી તાલીમ પૂરી થવાની હતી, એવામાં એક દિવસ અદ્દભુત ઘટના બની. ગુજરાતી ફિલ્મો બનાવતી એક પ્રસિદ્ધ વ્યક્તિ અમારા વર્ગમાં આવી. વારાફરતી સૌએ પોતપોતાની રીતે જુદાં જુદાં નૃત્ય રજૂ કર્યાં. રંગબેરંગી ચણિયા-ચોળી, હાથમાં બંગડીઓ તેમજ પગમાં પાયલ પહેરીને મેં એક રૂમાલ નૃત્યની રજૂઆત કરી અને તેમના નવા ચલચિત્ર માટે તેઓએ મને પસંદ કરી લીધી. આવનારા ઉજ્જવળ ભવિષ્યના વિચારોથી હું નાચી ઊઠી.

નીચેના સવાલોનાં **ગુજરાતીમાં** જવાબ લખો. આખાં વાક્યમાં જવાબ લખવાની જરૂર નથી.

(a) ઇનામ જીતીને કાવ્યાની કઈ આશા પૂરી થવાની હતી? કોઈપણ **એક** વિગત આપો. **(1)**

.......................................................................................................................................

(b) પહેલી વખત સ્ટ્યૂડિઓમાં પગ મૂકીને કાવ્યાને કેવું લાગ્યું? **(1)**

.......................................................................................................................................

(c) કાવ્યાએ શા માટે નૃત્યની તાલીમ લેવાનું ચાલુ રાખ્યું? **(1)**

.......................................................................................................................................

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

(d) કાવ્યાને પોતાની કળા દર્શાવવાની તક કોના લીધે મળી?

**(1)**

..............................................................................................................................................

(e) કાવ્યાને શા માટે એમ લાગ્યું કે સફળતા હવે નજીક છે?

**(1)**

..............................................................................................................................................

**(Total for Question 9 = 5 marks)**

**TOTAL FOR SECTION B = 15 MARKS**

## SECTION C

### Translation

**10** Translate this passage into **English**.

ભારતીય લગ્નોમાં હેના, જેને ગુજરાતીમાં 'મેંદી' કહે છે તેનું સ્થાન અગત્યનું છે. અમુક ધાર્મિક ઉત્સવોની ઉજવણીઓમાં સ્ત્રીઓ પોતાના હાથને તેનાથી સજાવે છે તેમજ તેનો ઉપયોગ વાળ રંગવામાં સદીઓથી થતો આવ્યો છે. શાળાના કાર્યક્રમોમાં દાન માટે પૈસા ભેગાં કરવામાં તે મદદરૂપ થાય છે. સંગીત અને જન્મદિવસની મિજબાનીઓમાં પણ તેની નાની નાની ડિઝાઇનો ખૂબ પ્રચલિત છે.

**(Total for Question 10 = 7 marks)**

**TOTAL FOR SECTION C = 7 MARKS**
**TOTAL FOR PAPER = 50 MARKS**



P 7 1 0 3 4 A 0 1 8 2 0

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA DO NOT WRITE IN THIS AREA

BLANK PAGE

**BLANK PAGE**

DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA
DO NOT WRITE IN THIS AREA